
૨૦૭૦ સુધીમાં વિશ્વની ધાર્મિક વસ્તીનું ચિત્ર કેટલું બદલાશે?



દુનિયામાં જે પ્રજા વધુ શિક્ષિત અને વધુ સંપન્ન બનતી જાય છે, તેમની વસ્તી ઝડપથી ઘટી રહી છે. તેથી વિરુદ્ધ ઓછી શિક્ષિત અને ઓછી સંપન્ન પ્રજાની વસ્તી ઝડપથી વધતી જાય છે. વસ્તીમાં વધારા કે ઘટાડાનો સંબંધ ધર્મ સાથે ઓછો છે, પણ આર્થિક પરિસ્થિતિ સાથે વધુ છે. દુનિયામાં સરેરાશ હિંદુઓની આર્થિક પરિસ્થિતિ વધુ સારી હોવાથી તેમની વસ્તીનો વૃદ્ધિદર ઘટી રહ્યો છે, જ્યારે સરેરાશ મુસ્લિમોની આર્થિક પરિસ્થિતિ નબળી હોવાથી તેમનો વૃદ્ધિદર પ્રમાણમાં ઓછો ઘટી રહ્યો છે. વસ્તીનો સંબંધ શિક્ષણની પ્રથા સાથે પણ છે. જે પ્રજા આધુનિક ઢબનું શિક્ષણ લે છે, તેમનો વૃદ્ધિદર ઘટી રહ્યો છે, જ્યારે જૂનવાણી ઢબનું શિક્ષણ લેનારી પ્રજાનો વૃદ્ધિદર પ્રમાણમાં ઓછો ઘટી રહ્યો છે. આ નિયમ માત્ર હિંદુ કે મુસ્લિમ નહીં, પણ દુનિયાના તમામ ધર્મો પાળતી પ્રજાને લાગુ પડે છે.

વૈશ્વિક સ્તરે હિંદુઓની વસ્તી ખૂબ જ ધીમી ગતિએ વધી રહી છે. તેની સરખામણીમાં ભારત સહિત સમગ્ર વિશ્વમાં મુસ્લિમોની વસ્તી ઝડપથી વધવાનો અંદાજ છે. પ્યુ રિસર્ચ સેન્ટરના એક અહેવાલમાં આ ચોંકાવનારી માહિતી સામે આવી છે. પ્યુ રિસર્ચના નવા અંદાજ મુજબ, ૨૦૨૦થી ૨૦૭૦ દરમિયાન ભારતની હિંદુ વસ્તીમાં ૧૭.૬ કરોડનો વધારો થશે. આ સમયગાળા દરમિયાન ભારતના મુસ્લિમોનો પ્રજનનદર ઊંચો રહેશે અને તેથી ભારતની કુલ વસ્તીમાં હિંદુઓનો હિસ્સો થોડો ઘટવાની ધારણા છે. આ ફેરફાર છતાં ૨૦૭૦ સુધીમાં હિંદુઓ ભારતની કુલ વસ્તીના ત્રણ ચતુર્થાંશથી વધુ રહેવાની ધારણા છે. આ જ સમયગાળા દરમિયાન વૈશ્વિક હિંદુ વસ્તી ૧૯.૯ કરોડ વધીને આશરે ૧૪૦ કરોડ સુધી પહોંચવાનો અંદાજ છે. વિશ્વની બાકીની વસ્તી ઘણી ઝડપથી વધવાની ધારણા હોવાથી વૈશ્વિક વસ્તીમાં હિંદુઓનો હિસ્સો ૨૦૨૦માં ૧૫ ટકા હતો, તે ઘટીને ૨૦૭૦માં ૧૪ ટકા થવાનો અંદાજ છે.

છેલ્લા કેટલાક દાયકાઓમાં ભારતના કુલ પ્રજનનદરમાં તીવ્ર ઘટાડો થયો છે, છતાં મુસ્લિમ મહિલાઓ સરેરાશ હિંદુ મહિલાઓ કરતાં વધુ બાળકોને જન્મ આપે છે. મુસ્લિમ મહિલાઓ પ્રમાણમાં હિંદુ મહિલાઓ

ટાઈમ લાઈન

સંજય વોરા

કરતાં ઓછું શિક્ષણ લે છે અને પ્રમાણમાં નોકરી કરવા પણ ઓછી જાય છે. આ કારણે તેઓ ઘરે રહીને વધુ બાળકોને જન્મ આપી શકે છે.

તેની સરખામણીમાં સરેરાશ હિંદુ મહિલા વધુ શિક્ષણ લે છે, પોતાની કારકિર્દી બનાવવા પર વધુ ધ્યાન કેન્દ્રિત કરે છે અને વધુ બાળકો પેદા કરવાનું ટાળે છે. હિંદુ મહિલા મોટી ઉંમરે બાળકો પેદા કરવાનું શરૂ કરતી હોવાથી એકાદ-બે બાળકોથી વધુ બાળકો પેદા કરી શકતી નથી. તેની સરખામણીમાં ભારતની મુસ્લિમ મહિલાઓ નાની ઉંમરે બાળકો પેદા કરવાનું શરૂ કરી દે છે અને બે બાળકો વચ્ચેનું અંતર પણ ઓછું રાખે છે.

પ્યુ રિપોર્ટનું સૌથી નોંધપાત્ર પાસું મુસ્લિમ વસ્તીમાં ઝડપી વૃદ્ધિ છે. ઇસ્લામ ૨૦૩૫ સુધીમાં ખ્રિસ્તી ધર્મને પાછળ છોડીને વિશ્વનો સૌથી મોટો ધર્મ બનશે.

વસ્તીવૃદ્ધિમાં ધર્મ કરતાં શિક્ષણ અને આર્થિક સ્થિતિ વધુ મહત્ત્વનાં

પ્યુના વરિષ્ઠ વસ્તીશાસ્ત્રી કોનરાડ હેકેટના મતે, આ પરિવર્તન પાછળનું મુખ્ય કારણ ધાર્મિક નથી, પરંતુ ઊંચો પ્રજનનદર છે. ૨૦૨૦ અને ૨૦૨૫ વચ્ચે મુસ્લિમ મહિલાઓમાં પ્રજનનદર પ્રતિ મહિલા ૩.૧ બાળકો હતો, જ્યારે ખ્રિસ્તી મહિલાઓમાં ૨.૫ અને અન્ય જૂથોમાં ૧.૬ હતો. ૨૦૨૦માં વિશ્વમાં ૨.૨૭ અબજ ખ્રિસ્તીઓ અને ૨.૦૨ અબજ મુસ્લિમો હતા. ૨૦૩૫ સુધીમાં મુસ્લિમ વસ્તી ૨.૫૭ અબજ અને ખ્રિસ્તી વસ્તી ૨.૫૨ અબજ સુધી પહોંચવાનો અંદાજ છે. જો આ વલણ ચાલુ રહેશે તો ૨૦૭૦ સુધીમાં વિશ્વભરમાં મુસ્લિમોની સંખ્યા ૩.૬ અબજને વટાવી જશે, જ્યારે ખ્રિસ્તી વસ્તી ૩ અબજથી થોડી ઓછી થઈ જશે.

૨૦૨૦માં ભારતમાં ૧.૧૦ અબજ હિંદુઓ હતા, જે વિશ્વની કુલ હિંદુ વસ્તીના આશરે ૯૫ ટકા હિસ્સો ધરાવે છે. ભારત ઉપરાંત ટોચના પાંચ હિંદુ વસ્તી ધરાવતા દેશોમાં નેપાળ (૨.૪૦ કરોડ હિંદુઓ), બાંગ્લાદેશ (૧.૩૦ કરોડ હિંદુઓ), પાકિસ્તાન (૫૦ લાખ હિંદુઓ) અને ઇન્ડોનેશિયા (૪૦ લાખ હિંદુઓ)નો સમાવેશ થાય છે. ૨૦૭૦ સુધીમાં અમેરિકા વિશ્વમાં પાંચમા ક્રમનો સૌથી મોટો હિંદુ વસ્તી ધરાવતો દેશ બનશે. ઓસ્ટ્રેલિયા પણ ટોચના ૧૦ હિંદુ વસ્તી ધરાવતા દેશોની યાદીમાં સામેલ થવાની અપેક્ષા છે. ૨૦૭૦ સુધીમાં ઓસ્ટ્રેલિયામાં ૩૦ લાખ હિંદુઓ હશે અને તે નવમા ક્રમે આવશે. પાકિસ્તાનમાં હિંદુ વસ્તી ૨૦૭૦ સુધીમાં બમણી થઈને ૧ કરોડ થવાનો અંદાજ છે. પાકિસ્તાન વૈશ્વિક હિંદુ વસ્તીની યાદીમાં ચોથા સ્થાને રહેવાની શક્યતા છે. ભારતની બહારની હિંદુ વસ્તીમાં અંદાજિત વધારાનો મોટો હિસ્સો પાકિસ્તાન અને અમેરિકામાંથી આવવાની ધારણા છે. પાકિસ્તાનમાં આ વૃદ્ધિ મુખ્યત્વે કુદરતી વસ્તીવૃદ્ધિ (જ્યાં હિંદુ જન્મદર મૃત્યુદર કરતાં વધુ છે)ને કારણે થશે, જ્યારે અમેરિકામાં આ વૃદ્ધિ મુખ્યત્વે સ્થળાંતરને કારણે થશે. ઉત્તર અમેરિકામાં સ્થળાંતર થવાથી હિંદુઓની વસ્તી ૪૦ લાખથી વધીને ૯૦ લાખ થવાની ધારણા છે.

રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ જેવાં સંગઠનો હિંદુઓની વસ્તી વધારવાના પ્રયાસો કરવાને બદલે ભારતમાં મુસ્લિમોની વસ્તી ઘટાડવા માટે વસ્તીનિયંત્રણનો કાયદો લાવવાની હિમાયત કરી રહ્યાં છે, પણ જ્યાં સુધી હિંદુ મહિલાઓ ઘરમાં રહીને વધુ બાળકો પેદા નહીં કરે ત્યાં સુધી કોઈ ફરક પડવાનો નથી. હકીકતમાં સ્ત્રીઓમાં વધી રહેલું શિક્ષણ વસ્તીમાં ઘટાડાનું સૌથી મોટું કારણ બની ગયું છે.

ધર્મપરિવર્તનની અસર અંગે પ્યુએ સ્પષ્ટતા કરી કે હિંદુ વસ્તી પર તેની ખૂબ જ ઓછી અસર પડશે. ધાર્મિક પરિવર્તનને કારણે ૨૦૨૦ અને ૨૦૭૦ની વચ્ચે વૈશ્વિક હિંદુ વસ્તીમાં માત્ર ૧૦ લાખ લોકોનો જ ઘટાડો થવાનો અંદાજ છે. આમાંનો મોટાભાગનો ઘટાડો એશિયા-પેસિફિક ક્ષેત્રમાં થવાની ધારણા છે. હિંદુઓ અને મુસ્લિમો બંને માટે ધર્મ પ્રત્યેનો જાળવણી દર (રીટેન્શન રેટ) ૯૯ ટકા છે, જેનો અર્થ એ થાય કે આ પરિવારોમાં જન્મેલી લગભગ દરેક વ્યક્તિ પુખ્ત વયે પણ પોતાના જ ધર્મનું પાલન કરવાનું ચાલુ રાખે છે. ખ્રિસ્તીઓ માટે આ દર ૮૫ ટકા અને બૌદ્ધો માટે ૮૩ ટકા છે. વાતનો સાર એટલો કે વિશ્વમાં હિંદુ વસ્તીનો વૃદ્ધિદર ઘટવાનું મુખ્ય કારણ ધર્મપરિવર્તન નહીં, પણ પ્રજનનદર હશે.



યજમાનો જ એવા કે મહેમાનો ભાગી છૂટે!



યજમાનો જ પોતાના સ્વભાવથી મહેમાનોનો જીવ અધ્ધર કરી દે તો? આવી જ વિચિત્ર પરિસ્થિતિને હાસ્યમાં ફેરવતું નાટક એટલે 'હે ફીવર'.

કેટલીક કોમેડી મોટી ઘટનાઓથી નહીં, પણ પાત્રોના સ્વભાવથી હસાવે છે. બ્રિટિશ નાટ્યકાર નોએલ કાવર્ડનું 'હે ફીવર' આવું જ ક્લાસિક નાટક છે. 1924 માં લખાયેલું આ નાટક 1925 માં પ્રથમવાર ભજવાયું હતું. તેની વાર્તા એવા પરિવારની છે, જેને મહેમાનો બોલાવવાનો શોખ છે, પણ મહેમાનગતિ કરવાની આવડત નથી!

નોએલ કાવર્ડ નાટ્યકાર ઉપરાંત અભિનેતા, સંગીતકાર અને દિગ્દર્શક પણ હતા. તેમની રચનાઓમાં રમૂજ સાથે સામાજિક વર્તન અને ઉચ્ચ વર્ગના દેખાડા પર વ્યંગ્ય જોવા મળે છે. આ નાટક પાછળ એક વાસ્તવિક અનુભવ પણ જોડાયેલો છે. 1921માં અમેરિકાની મુલાકાત દરમિયાન કાવર્ડ અભિનેત્રી લોરેટ ટેલર અને તેમના પતિ હાર્ટલી મેનર્સના ઘરે મહેમાન બન્યા હતા. ત્યાં તેમણે પરિવારનું વિચિત્ર વર્તન અને નાટકીય વાતચીત જોઈ. આ અનુભવથી પ્રેરાઈને તેમણે 'હે ફીવર'નો વિચાર કર્યો હોવાનું કહેવાય છે. રસપ્રદ વાત એ છે કે તેમણે નાટકનો પ્રથમ ડ્રાફ્ટ માત્ર ત્રણ દિવસમાં તૈયાર કર્યો હતો.

નાટકનું પ્રથમ મંચન 8 જૂન, 1925ના રોજ લંડનના એમ્બેસેડર્સ થિયેટરમાં થયું હતું. તેનું નિર્માણ આલ્બન બી. લિમ્પસે કર્યું હતું. જુડિથ બ્લિસની ભૂમિકા મેરી ટેમ્પેસ્ટે ભજવી હતી. મૂળ કલાકારોમાં ડેવિડ તરીકે ડબ્લ્યુ. ગ્રેહામ બ્રાઉન, સોરેલ તરીકે હેલન સ્પેન્સર અને સિમોન તરીકે રોબર્ટ એન્ડ્રૂઝ હતાં. અન્ય કલાકારોમાં હિલ્ડા મૂર, પેટ્રિક સસેન્ડ્સ, એથોલ સ્ટુઅર્ટ, એન ટ્રેવર અને મિની રેનરનો સમાવેશ થતો હતો. 7 સપ્ટેમ્બર, 1925ના રોજ નાટક કાઇટેરિયન થિયેટરમાં ખસેડાયું અને લંડનમાં તેની કુલ 337 રજૂઆતો થઈ.

કર્ટનકોલ



5 ઓક્ટોબર, 1925ના રોજ ન્યૂયોર્કના મેક્સિન ઇલિયટ્સ થિયેટરમાં પણ તેનું મંચન શરૂ થયું.

વાર્તા ઇંગ્લેન્ડના કુકહામમાં રહેતા બ્લિસ પરિવારની છે. માતા જુડિથ પૂર્વ અભિનેત્રી છે, પિતા ડેવિડ નવલકથાકાર છે. તેમનાં સંતાનો સોરેલ અને સિમોન પણ નાટકીય સ્વભાવનાં છે. એક વીકએન્ડમાં પરિવારના ચારેય સભ્યો અલગ-અલગ મહેમાનોને આમંત્રણ આપે છે. જુડિથ સેન્ડી ટાયરેલને, ડેવિડ માયરા અરન્ડેલને, સોરેલ રિચાર્ડ ગ્રેથમને અને સિમોન જેકી કોરિટનને બોલાવે છે. ચારેય મહેમાનોને લાગે છે કે શાંતિથી વીકએન્ડ પસાર થશે. પરંતુ પરિવારના સભ્યો પોતાના ઝઘડા, પ્રેમ અને ઈર્ષ્યામાં એટલા વ્યસ્ત રહે છે કે મહેમાનોની કોઈને પરવા નથી. આખરે મહેમાનો ચૂપચાપ ઘર છોડીને ચાલ્યા જાય છે. પરિવારને તેની જાણ પણ થતી નથી!

1984માં બીબીસીએ આ નાટકનું ટેલિવિઝન રૂપાંતર રજૂ કર્યું હતું. તેમાં મોઇરા લિસ્ટર અને એરિક ફ્લિને મુખ્ય ભૂમિકાઓ ભજવી હતી. રેડિયો રૂપાંતરણો પણ રજૂ થયાં છે. જોકે તેના પરથી કોઈ જાણીતી ફીચર ફિલ્મ કે લાંબી ટેલિવિઝન સિરીઝ બની નથી.


આ નાટકનું નવું મંચન 22 સપ્ટેમ્બરથી 12 ડિસેમ્બર, 2026 દરમિયાન લંડનના વિન્ડહેમ્સ થિયેટરમાં થઈ રહ્યું છે. એમિલી બર્ન્સના દિગ્દર્શનમાં ક્રિસ્ટીન બારાન્સ્કી જુડિથ અને રિચાર્ડ ઈ. ગ્રાન્ટ ડેવિડની ભૂમિકામાં છે. તેમની સાથે નેન્સી કેરોલ, વિલ ક્લોઝ, ચાર્લ્સ એડવર્ડ્સ, ઓફેલિયા લોવિબોન્ડ, એશ હન્ટર અને લૂસી કાર્ઝેવસ્કી પણ જોડાયાં છે.

કોઈના ઘરે મહેમાન બનીને જવું એટલે થોડો આરામ, સરસ વાતો અને સારી મહેમાનગતિની અપેક્ષા

'હે ફીવર'ની મજા એ છે કે મહેમાનોને હેરાન કરનાર પરિવારને પોતાની ભૂલનો અહેસાસ જ થતો નથી. કદાચ એટલે જ સો વર્ષ પછી પણ આ નાટક પ્રસ્તુત લાગે છે. કારણ કે કેટલાક લોકોને પોતાની વાત કહેવામાં રસ હોય છે, બીજાની વાત સાંભળવામાં નહીં. તો પછી બ્લિસ પરિવાર માત્ર નાટકનું પાત્ર છે કે આપણા આસપાસ પણ આવા યજમાનો જોવા મળે છે?

શબ્દ સાપ્તાહિકી

– અરવિંદ એસ. મારૂ




આડી ચાવી

૧. સંસ્કૃતના એક કવિ (૪)
૪. ગાડું (૩)
૬. વીર સ્ત્રી (૪)
૯. જમીન અને પાણી બંને પર ચાલી શકે એવું પક્ષી (૩)
૧૦. નવાઈભર્યું (૩)
૧૨. જમીન ખેડવાનું ઓજાર (૨)
૧૩. હેતુ, આશય (૪)
૧૫. કોમળ, મધુર (૨)
૧૬. અણિયાળું (૪)
૧૮. સીમા, મર્યાદા (૨)
૧૯. પુષ્કળ (૪)
૨૨. સરખી સપાટીનું (૪)
૨૪. તદ્દન (૨)
૨૫. ખૂબ આતુરતાથી (૪)
૨૭. ઔષધ (૨)
૨૮. મીઠું, ગળ્યું (૨)
૨૯. પરીક્ષા કરનાર (૪)
૩૧. નવ લાખના મૂલ્યનું (૪)
૩૩. અવાજ, ઘોષ (૨)
૩૪. ભાર, દબાણ (૩)
૩૬. પાણી પીવાની ઇચ્છા (૩)
૩૮. હોમવું તે (૨)
૩૯. એક મિઠાઈ (૪)
૪૧. આબરૂ, વિશ્વાસ (૩)
૪૩. અઘટિત વચન (૩)
૪૫. નકામું, બાદ કરેલું (૨)
૪૬. ખુશબો, મહેક (૪)
૪૮. કંટાળો, ત્રાસ (૨)
૪૯. વકીલનું કામ (૪)
૫૧. રંગ, વર્ણ (૨)
૫૨. સાવ મૂંગા જેવું (૪)
૫૫. પાણીનો ઘાટ, જળાશય (૪)
૫૭. બૂમ, પ્રતાપ (૨)
૫૮. ગીચોગીચ (૪)
૬૦. પર્વત (૨)
૬૨. થોડા વાળની સેર (૨)
૬૩. દૂર (૨)
૬૪. સ્વાર્થી (૫)
૬૬. બખોલ (૩)
૬૭. મુરબ્બી (૩)
૬૯. મુકામ, મુસાફરી (૩)
૭૦. પતિ (૨)
૭૧. એક રૂપાળું પક્ષી (૨)
૭૨. સમાચાર (૩)


ઊભી ચાવી

૨. લહેજત, મજા (૩)
૩. કારણ કે (૩)
૪. શંકાવાળું (૪)
૫. એક વજન (૨)
૬. વસિયતનામું (૨)
૭. ગાળવાનું સાધન (૩)
૮. ઉકેલ, નિરાંત (૨)
૧૧. પ્રધાન (૩)
૧૨. પ્રત્યેક (૨)
૧૩. દયા, કૃપા (૨)
૧૪. અંકુશ (૩)
૧૬. પૈડાનો આરો (૨)
૧૭. પાલવ, છેડો (૩)
૧૯. જન્મારો, જિંદગી (૨)
૨૦. પૂજા કરનારો (૩)
૨૧. ન બોલવું તે (૨)
૨૨. એક ને પા (૨)
૨૩. મનની તંગ હાલત (૩)
૨૪. સંત, ત્યાગી, બાવો (૨)
૨૫. અનુકૂળ વખત (૨)
૨૬. મનુષ્ય (૩)
૨૭. શાહીનો ખડિયો (૩)
૨૮. યજ્ઞ (૨)
૨૯. દરજ્જો (૨)
૩૦. ક્ષણનું, નાશવંત (૩)
૩૧. રગ, રક્તવાહિની (૨)
૩૨. વગ, શરમ (૩)
૩૩. વહાણવટી, સુકાની (૩)
૩૪. જંગલ (૨)
૩૫. રોકડું (૩)
૩૭. પ્રથા, પદ્ધતિ, રીત (૩)
૩૯. પ્રતિજ્ઞા (૨)
૪૦. વાડી, બગીચો, ઉદ્યાન (૩)
૪૧. પડદો, ચક્ર (૨)
૪૨. યુવાન (૩)
૪૪. પગાર (૩)
૪૫. લીન, આસક્ત (૨)
૪૬. તહેવાર (૨)
૪૭. રાજાને કરાતું સંબોધન (૩)
૪૯. જંગલ (૨)
૫૦. મેલાં ફાટેલાં લૂગડાંનો જથ્થો (૩)
૫૧. પ્રતીક્ષા (૨)
૫૨. સફેદ (૩)
૫૩. જડ, પાયો (૨)
૫૪. પાસેપાસે સંકડાઈને આવેલું (૨)
૫૫. ચરણ (૨)
૫૬. યોગ્ય, ઘટતું (૩)
૫૮. દૂધ-ચોખાની એક મીઠી વાની (૨)
૫૯. એક ખાવાની વાનગી (૩)
૬૦. કઠણ નહિ એવું, પોચું (૩)
૬૧. એક સંત (૩)
૬૩. તમા, કાળજી (૩)
૬૪. પહેલવાન (૨)
૬૫. શ્રી રામનો પુત્ર (૨)
૬૭. એક વિશાળ વૃક્ષ (૨)
૬૮. ટેવ, વ્યસન (૨)

શબ્દ સાપ્તાહિકી ઉકેલ



કાકુરો



» અહીં ૮x૯ના ખાનાવાળા ચોરસ આપેલ છે.
» ચોરસના અમુક ખાનામાં ત્રિકોણમાં અંક દર્શાવ્યા છે.
» બાકીનાં ખાલી ખાનામાં ૧ થી ૯ નો અંક આવી રીતે લખવો જેનો સરવાળો ત્રિકોણમાં આપેલ અંક જેટલો થવો જોઇએ.
» કોઇ પણ અંકનો બીજી વખત ઉપયોગ કરવો નહિ (એક જ સંખ્યામાં)

→ આડી લાઇન
↓ ઊભી લાઇન

કાકુરો- નો ઉકેલ

